# દયાવાન માટે ફિરોઝ ખાને કરી ચેન્નઈના દરિયાને મુંબઈ લાવવાની જીદ!

મુવીયાના

બોલિવૂડમાં જ્યારે પણ કોઈ સ્ટાઈલિશ ડિરેક્ટરનું નામ લેવામાં આવે, ત્યારે ફિરોઝનું નામ સૌથી ઉપર આવે.

ખરા અર્થમાં ‘કિંગ ઓફ સ્ટાઈલ’ હોય તો તે ફિરોઝ ખાન હતા. હાથમાં સિગાર, માથે હેટ અને આજુબાજુ વિદેશી લોકેશન્સ, આ તેમની ઓળખ હતી.

તેમની ફિલ્મોમાં ગ્લેમર, ઈન્ટરનેશનલ લોકેશન્સ અને જબરદસ્ત મ્યુઝિક હોય જ. પરંતુ ૧૯૮૮માં તેમણે કંઈક એવું કર્યું જેણે આખી ઈન્ડસ્ટ્રીને ચોંકાવી દીધી! ફિરોઝે કમલ હાસનની સાઉથ ઈન્ડિયાની ક્લાસિક ફિલ્મ ‘નાયકન’ની રિમેક બનાવવાનું નક્કી કર્યું અને નામ રાખ્યું - દયાવાન.

તો ચાલો જોઈએ, આ ફિલ્મ બનવા પાછળના એવા કિસ્સાઓ જે કદાચ તમે ક્યાંય નહીં સાંભળ્યા હોય!


કિસ્સો શરૂ થાય છે ૧૯૮૬માં. ફિરોઝ તેમની મનપસંદ ફિલ્મ ‘યલગાર’ પર કામ કરી રહ્યા હતા. અનિલ કપૂર અને જેકી શ્રોફ જેવા સ્ટાર્સ સાઈન થઈ ગયા હતા, પણ ત્યારે જ સાઉથમાંથી એક આંધી આવી ‘નાયકન’. મણિરત્નમની આ ફિલ્મે ફિરોઝના હોશ ઉડાવી દીધા. તેમને લાગ્યું કે આ સ્ટોરી તો આખા ભારતને બતાવવી જોઈએ. એટલે ફિરોઝે ‘યલગાર’નું કામ અટકાવી દીધું અને માત્ર ૧૦ લાખ રૂપિયામાં ‘નાયકન’ના હિન્દી રિમેકના રાઈટ ખરીદી લીધા. પરિણામે ‘યલગાર’ના ડબ્બા પેક થયા અને જન્મ થયો ‘દયાવાન’ ફિલ્મનો.



વિનોદ ખન્ના તે સમયે ઓશો રજનીશના આશ્રમથી પાછા ફર્યા હતા અને ફિલ્મોમાં ફરી પગ જમાવી રહ્યા હતા. ફિરોઝે તેમને દયાવાનના રોલ માટે પસંદ કર્યા. વિનોદ ખન્નાએ સલાહ આપી હતી: ‘યાર ફિરોઝ, આપણે આને નોર્થ ઈન્ડિયન ડોન બતાવીએ, હિન્દી પ્રેક્ષકો સાઉથ ઈન્ડિયન ગેટઅપ નહીં પચાવી શકે,’ પણ ફિરોઝ એટલે જીદનું બીજું નામ! તેમણે કહ્યું, ‘ના, મારે કોપી પેસ્ટ ‘નાયકન’ જ જોઈએ’ અને છેવટે વિનોદ ખન્નાને પંચા પહેરીને કેમેરા સામે આવવું પડ્યું.

શું તમે કલ્પના કરી શકો છો કે ‘દયાવાન’માં માધુરીની જગ્યાએ શ્રીદેવી હોત? ફિરોઝ શ્રીદેવીને જ લેવા માંગતા હતા, પણ શ્રીદેવીને ફિલ્મમાં બોલ્ડ સીન્સ અને ટૂંકા કપડાં સામે વાંધો હતો. તે સમયે બોની કપૂરે ફિરોઝને માધુરી દીક્ષિતની કેટલીક ક્લિપ્સ બતાવી અને કહ્યું, ‘આ છોકરીમાં દમ છે.’ બસ, માધુરીનું નસીબ ચમક્યું અને તેને બોલિવૂડના સૌથી મોટા પ્રોજેક્ટમાં એન્ટ્રી મળી ગઈ.

ફિલ્મ ‘દયાવાન’નું નામ લેતા જ આજે પણ લોકોના મગજમાં ‘આજ ફિર તુમ પે પ્યાર આયા હૈ’ ગીત ગુંજવા લાગે છે. વિનોદ ખન્ના અને માધુરી વચ્ચેનો એ કિસિંગ સીન તે જમાનામાં ચોંકાવનારો હતો. કહેવાય છે કે માધુરી આ સીન કરીને રડી પડી હતી અને તેને પસ્તાવો થયો હતો. જોકે, ફિરોઝે સ્પષ્ટ કર્યું હતું કે માધુરીને બધી જ ખબર હતી. આ એક સીને માધુરીને રાતોરાત ‘સેન્સેશન’ બનાવી દીધી હતી.




ફિરોઝ તેમની ભવ્યતા માટે જાણીતા હતા, પણ ‘દયાવાન’ તેમણે રેકોર્ડ બ્રેક સ્પીડમાં પૂરી કરી હતી. ચેન્નઈના સ્ટુડિયોમાં મુંબઈની ઝૂંપડપટ્ટીના સેટ ઊભા કરાયા હતા. માત્ર બે મહિનાના એક જ શેડ્યૂલમાં આખી ફિલ્મનું શૂટિંગ પૂરું કરી દેવામાં આવ્યું હતું. તો ચેન્નાઈની દરિયો મુંબઈમાં સેટ દ્વારા ઊભો કરાયો જે ફિરોઝખાનની જીદ હતી

ફિરોઝ હંમેશા કલ્યાણજી-આનંદજી સાથે કામ કરતા, પણ આ ફિલ્મમાં તેમણે લક્ષ્મીકાંત-પ્યારેલાલને તક આપી. ‘નાયકન’ના થીમ મ્યુઝિકને હિન્દીમાં ઢાળવા માટે ખાસ મહેનત કરવામાં આવી હતી. પંકજ ઉધાસના અવાજમાં ગવાયેલું ગીત આજે પણ એટલું જ લોકપ્રિય છે.

ફિલ્મ રિલીઝ થઈ ઓપનિંગ સારી હતી, પરંતુ તે બોક્સ ઓફિસ પર ધાર્યો જાદુ ન ચલાવી શકી. પ્રેક્ષકોને ફિરોઝ પાસેથી જે સ્ટાઈલિશ એક્શનની આશા હતી, તે આ ફિલ્મમાં જોવા ન મળી. વિનોદ ખન્નાનું વૃદ્ધ પાત્ર ભજવવું અને કમલ હાસનની કોપી કરવી દર્શકોને ખાસ પસંદ ન પડી.

વિનોદ ખન્નાની એક્ટિંગ સારી હતી, પણ લોકો તેમને કમલ હાસન સાથે સરખાવવા લાગ્યા, પણ ફિરોઝનો એ અંદાજ અને માધુરી દીક્ષિતનો એ જાદુ આજે પણ ‘દયાવાન’ને એક ક્લાસિક ફિલ્મ બનાવે છે. ફિરોઝની આ એક એવી કોશિશ હતી જેમાં તેમણે પોતાની ‘સ્ટાઈલ’ કરતા ‘ઈમોશન્સ’ પર વધુ ધ્યાન આપ્યું હતું. જો તમારે ૮૦ના દાયકાનો અસલી રોમાંચ જોવો હોય, તો ‘દયાવાન’ એકવાર અચૂક જોવી જોઈએ! ●

**‘દયાવાન’માં માધુરીની જગ્યાએ શ્રીદેવી હોત? ફિરોઝ શ્રીદેવીને જ લેવા માંગતા હતા, પણ શ્રીદેવીને ફિલ્મમાં બોલ્ડ સીન્સ અને ટૂંકા કપડાં સામે વાંધો હતો. તે સમયે બોની કપૂરે ફિરોઝને માધુરી દીક્ષિતની કેટલીક ક્લિપ્સ બતાવી અને કહ્યું, ‘આ છોકરીમાં દમ છે.’ બસ, માધુરીનું નસીબ ચમક્યું અને તેને બોલિવૂડના સૌથી મોટા પ્રોજેક્ટમાં એન્ટ્રી મળી ગઈ**





# સ્વરની જાદુગરી આશા ભોંસલે

લેજન્ડ્સ

**‘દમ મારો દમ’ હોય, ‘ચુરા લિયા હૈ તુમને’ આ ગીતોએ સાબિત કર્યું કે આશાજી વેસ્ટર્ન બીટ્સ પર પણ એટલી જ સહજતાથી ગાઈ શકતા જેટલી સહજતાથી તેઓ ભજન ગાતા**

ભારતીય સંગીતના આકાશમાં અનેક સિતારાઓ ચમક્યા, પણ જેની રોશનીમાં મસ્તી, નજાકત, સાહસ અને સંઘર્ષનો અનોખો સંગમ જોવા મળે છે, તે નામ એટલે આશા ભોંસલે.

આશાજી માત્ર એક ગાયિકા નથી, પણ સાત દાયકાઓથી વહેતી એક સુરાવલી છે, જેણે દરેક પેઢીને પોતાના અવાજથી મંત્રમુગ્ધ કરી છે. આજે જ્યારે આપણે તેમના જીવન અને કવનની વાત કરીએ છીએ, ત્યારે તે માત્ર એક કારકિર્દીની સમીક્ષા નથી, પણ એક એવી સ્ત્રીની વંદના છે જેણે પડકારોને પણ સંગીતમાં વણી લીધાં.

૮ સપ્ટેમ્બર, ૧૯૩૩ના રોજ સાંગલીમાં જન્મેલા આશા મંગેશકરના લોહીમાં જ સંગીત હતું. પિતા દીનાનાથ મંગેશકર શાસ્ત્રીય સંગીતના દિગ્ગજ હતા. પરંતુ, આશાજીનું બાળપણ આસાન નહોતું. માત્ર ૯ વર્ષની ઉંમરે પિતાનું છત્ર ગુમાવ્યું અને પરિવારના ભરણપોષણ માટે મોટી બહેન લતા દીદી સાથે તેમણે ગીતો ગાવાનું શરૂ કર્યું.



તેમના અંગત જીવનમાં પણ અનેક ચઢાવ-ઉતાર આવ્યા. ૧૬ વર્ષની નાની ઉંમરે ગણપતરાવ ભોંસલે સાથે પ્રેમ લગ્ન કર્યા, જે પરિવારની મરજી વિરુદ્ધ હતા. આ લગ્નજીવન સુખદ ન રહ્યું અને ત્રણ બાળકો સાથે તેઓ પાછા પિયર આવ્યા. પરંતુ આ મુશ્કેલીઓએ તેમને તોડવાને બદલે વધુ મજબૂત બનાવ્યા. આ સંઘર્ષ જ તેમના અવાજની એ ધાર બની, જેણે આગળ જતાં બોલિવૂડને હચમચાવી દીધું.

જે યુગમાં લતા મંગેશકરનો અવાજ આદર્શ ગણાતો, તે યુગમાં આશાજીએ પોતાની એક અલગ કેડર બનાવી. શરૂઆતના ગાળામાં તેમને એવા ગીતો મળતા જે અગ્રણી ગાયિકાઓ નકારતી, પણ આશાજીએ એ ‘સેકન્ડ લીડ’ કે ‘વેમ્પ’ ગીતોમાં એવો પ્રાણ ફૂંક્યો કે તે અમર થઈ ગયા.

આશાજીના કરિયરમાં સંગીતકાર ઓ.પી. નૈયરનો ફાળો અતુલ્ય છે. ‘નયા દૌર’, ‘કશ્મીર કી કલી’ અને ‘મેરે સનમ’ જેવી ફિલ્મોમાં તેમણે આશાજીના અવાજનો એવો ઉપયોગ કર્યો કે સંગીત પ્રેમીઓ ઝૂમી ઉઠ્યા. ‘જાયે આપ કહાં જાયેંગે’ કે ‘આઓ હુઝૂર તુમકો’ જેવા ગીતોમાં જે નજાકત અને મસ્તી હતી, તે આશાજી સિવાય કોઈ લાવી શક્યું ન હોત.

પંચમદા સાથેની તેમની ભાગીદારીએ સંગીતના ઈતિહાસને બદલી નાખ્યો. ‘દમ મારો દમ’ હોય, ‘ચુરા લિયા હૈ તુમને’ હોય કે ‘પિયા તુ અબ તો આજા’- આ ગીતોએ સાબિત કર્યું કે આશાજી વેસ્ટર્ન બીટ્સ પર પણ એટલી જ સહજતાથી ગાઈ શકે છે જેટલી સહજતાથી તેઓ ભજન ગાઈ શકે. તેમના અવાજમાં જે શાર્પનેસ અને ગ્રુવ હતું, તેણે ક્લબ સોંગ્સને ગ્રેસફુલ બનાવ્યા.


જ્યારે દુનિયા તેમને માત્ર ‘કેબરે ક્વીન’ માનવા લાગી હતી, ત્યારે સંગીતકાર ખય્યામ અને ફિલ્મ ‘ઉમરાવ જાન’ (૧૯૮૧) આવી. ‘દિલ ચીઝ ક્યા હૈ’ અને ‘ઈન આંખો કી મસ્તી કે’ જેવી ગઝલો ગાઈને આશાજીએ ટીકાકારોના મોઢા બંધ કરી દીધા. આ માટે તેમણે ઉર્દૂ ભાષા અને તલફુઝ પર ખાસ મહેનત કરી હતી. પરિણામે તેમને નેશનલ એવોર્ડ મળ્યો.

કહેવાય છે કે આર.ડી. બર્મન હંમેશા આશાજીને મુશ્કેલ કમ્પોઝિશન આપતા. ‘ઓ મેરી સોના રે’ ગીત રેકોર્ડ કરતી વખતે પંચમે તેમને હજારો વાર હસાવ્યા હતા જેથી ગીતમાં એ નેચરલ ‘ચાર્મ’ આવે.

આશા ભોંસલે એટલે માત્ર એક નામ નથી, પણ જીવંત રહેવાની કળા છે.

તેમના ગીતોમાં વિરહની વેદના પણ છે, પ્રેમનો એકરાર પણ છે અને જીવનનો ઉત્સવ પણ છે. તેમણે લતા દીદીના પડછાયામાંથી બહાર આવીને પોતાની એક એવી સમાંતર દુનિયા બનાવી, જ્યાં તેઓ પોતે જ સૂર્ય છે.

આશાજીના અવાજ વગર ભારતીય સિનેમાનો ઈતિહાસ અધૂરો છે. તેઓએ માત્ર ગીતો નથી ગાયા, તમે કરોડો હૃદયના ધબકારાને સૂર આપ્યા છે. આશાજી, તમે સંગીતનો એ દીવો છો જે ક્યારેય બુઝાશે નહીં. તમારી ગાયકી અમર છે અને હંમેશા રહેશે. ●



# ‘ભૂત બંગલા’ના શૂટિંગમાં થઈ ‘ભૂતિયા’ મસ્તી?

પરદે કે પીછે

ફિલ્મ ‘ભૂત બંગલા’ના ટાઈટલ સોંગનું શૂટિંગ પૂર્ણ થયું છે અને તેના બિહાઈન્ડ-ધ-સીન્સ વધુ મજેદાર છે. જો તમે વિચારતા હોવ કે શૂટિંગ દરમિયાન સેટ પર માત્ર કામ જ થતું હશે, તો તમે ખોટા છો! આ સોંગના શૂટિંગમાં જેટલો ડર લાગે તેવો માહોલ છે, તેનાથી અનેકગણી વધારે મસ્તી જોવા મળી હતી.

સોંગની શરૂઆતમાં જ અક્ષય કુમાર બીટ અને લિરિક્સ સાથે તાલ મિલાવતા મુશ્કેલી અનુભવે છે. પરંતુ એક મજેદાર કિસ્સો એ સામે આવ્યો છે કે ગીતમાં જે કાળી બિલાડી અક્ષયના ખભા પર બેઠેલી દેખાય છે, તેને શૂટ કરવું સૌથી મુશ્કેલ હતું. તે બિલાડી અક્ષયના ખભા પર બેસવા જ તૈયાર નહોતી! ઘણી મહેનત બાદ એ સીન શૂટ થયો હતો.

આખા ગીત દરમિયાન અક્ષય કુમાર એટલી બધી અતરંગી હરકતો કરી રહ્યા હતા કે તે પોતે જ મોનિટર પર પોતાનો સીન જોઈને હસી પડતા હતા. અક્ષય કુમારની આ એનર્જી જ ગીતને જીવંત બનાવે છે.

તમે ગીતમાં જોયું હશે કે કેટલાક ડાન્સર્સ વગર માથાએ ડાન્સ કરી રહ્યા છે. આ કોઈ જાદુ નથી, પણ ગ્રીન સ્ક્રીનની કમાલ છે. શૂટિંગ વખતે ડાન્સર્સના મોઢા ગ્રીન કપડાથી ઢાંકી દેવામાં આવ્યા હતા, જે બાદમાં એડિટિંગ દ્વારા હટાવી દેવાયા.

તેવી જ રીતે, એક સીનમાં અક્ષય કુમાર એક સ્ત્રી ભૂતને ખોળામાં ઉઠાવીને ડાન્સ સ્ટેપ કરે છે. આ દ્રશ્ય વાયર અને હાર્નેસની મદદથી શૂટ કરવામાં આવ્યું હતું. તે લેડી ડાન્સરને હવામાં લટકાવીને આ સીન ખૂબ જ સાવચેતીથી લેવામાં આવ્યો હતો, જે ગીતમાં અત્યંત ‘કૂલ’ લાગે છે.

**અક્ષય શૂટિંગ દરમિયાન ગણેશ માસ્ટરના મૂળ સ્ટેપ્સમાં પોતાની મસ્તી અને નવા સ્ટેપ્સ ઉમેરી દેતા હતા, જે મૂળ સ્ટેપ કરતા પણ વધુ સારા લાગતા હતા. ગણેશ માસ્ટરે તો મજાકમાં ત્યાં સુધી કહી દીધું કે, જો અક્ષય આટલું સરસ એકલા શૂટ કરી શકતા હતા, તો મને કેમ બોલાવ્યો?**

આ સોંગનું કોરિયોગ્રાફી પ્રખ્યાત માસ્ટર ગણેશ આચાર્યએ કરી છે. જોકે, મજાની વાત એ છે કે ગણેશ માસ્ટર પોતે આ ગીતનો શ્રેય અક્ષય કુમારને આપે છે. અક્ષય શૂટિંગ દરમિયાન ગણેશ માસ્ટરના મૂળ સ્ટેપ્સમાં પોતાની મસ્તી અને નવા સ્ટેપ્સ ઉમેરી દેતા હતા, જે મૂળ સ્ટેપ કરતા પણ વધુ સારા લાગતા હતા. ગણેશ માસ્ટરે તો મજાકમાં ત્યાં સુધી કહી દીધું કે, જો અક્ષય આટલું સરસ એકલા શૂટ કરી શકતા હતા, તો મને કેમ બોલાવ્યો?

આ સોંગનું શૂટિંગ મુંબઈની ગોરેગામ ફિલ્મ સિટીમાં કરવામાં આવ્યું હતું. ત્યાં કાળા જાદુ અને ઈવિલ (Evil) થીમ પર એક ભવ્ય સેટ તૈયાર કરવામાં આવ્યો હતો.

ખાસ વાત એ છે કે સેટ પર દેખાતી તમામ બિહામણી વસ્તુઓ વાસ્તવમાં થર્મોકોલ અને કાર્ડબોર્ડથી બનેલી હતી.

ગ્રીન સ્ક્રીનનો પણ અહીં ભરપૂર ઉપયોગ થયો છે. એક સીનમાં અક્ષયના એક હાથમાં પોપટ અને બીજામાં મેના દેખાય છે. તે સીન માટે સ્ટુડિયોમાં ગ્રીન ડમી પક્ષીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે સીજીઆઈ પછી એકદમ અસલી લાગે છે. ●